નેત્રમ્ આંખની હોસ્પિટલ

માનનીય,

- આપે મોતિયાનું ઓપરેશન કરાવવા ફેકો પદ્ધતિ માટે નેત્રમ્ આંખની હોસ્પિટલ ઉપર પસંદગી ઉતારી છે તે બદલ અભિનંદન અને આભાર.
- આપ આશા રાખી શકો છો કે આ ઓપરેશનમાં પ્રશિક્ષિત અને નિષ્ણાત ડૉ. મંથન પટેલ દ્વારા આપની આંખની સારવાર કરવામાં આવશે. આ સારવારની સફળતા માટે એ જરૂરી છે કે તમે પણ થોડી કાળજી લો. આ માટે અમે માર્ગદર્શન રૂપે થોડી માહિતી અહિંયા આપી છે. જે ધ્યાનથી વાંચશો અને અમલ કરશો.
- મોતિયાનું ઓપરેશન જે દિવસે કરવાનું હોય તેના ૨-૩ દિવસ પહેલાં બંને આંખમાં એન્ટિબાયોટિક આઈ ડ્રોપ દિવસમાં ચાર વખત નાંખવા.
- મોતિયાનું ઓપરેશન હોય તે દિવસે માથું ધોઈ બરાબર સ્નાન કરીને આવવું. માથામાં તેલ નાખવું નહીં. આફ્ટર શેવ લોશન વગેરેનો ઉપયોગ કરવો નહી. સ્ત્રીઓએ અંબોડો વાળવો નહીં.
- હળવો ખોરાક ખાઈને આવવું. ભૂખ્યા પેટે આવવું નહીં. ડાયાબીટીસ કે બ્લડપ્રેશરની દવા યોગ્ય સમયે રાબેતા મુજબ લઈને આવવું. સિવાય કે ડૉક્ટરે ના પાડી હોય.
- તમને આપવામાં આવેલ સમયે સમયસર આવી જવું. ત્યારબાદ આપની આંખમાં ૩-૪ વાર ટીંપા નાખવામાં આવશે. જેથી તમારા આંખની પુતળી મોટી થાય અને મોતિયાનું ઓપરેશન આસાનીથી થાય.
- બીજા એક ટીંપા પણ ઓપરેશન રૂમની અંદર જતા પહેલા નાખવામાં આવશે જેથી ઓપરેશન દરમ્યાન દુ:ખાવો ના થાય. ત્યારબાદ ઓપરેશન રૂમમાં લઈ જવામાં આવશે જ્યાં ટેબલ પર સીધા આરામથી સુઈ જવાનું રહેશે.
- આપની આંખ બીટાડીનથી સાફ કરી માથું એક રૂમાલથી ઢાંકવામાં આવશે. ત્યારબાદ આંખ ખુલ્લી રહે તે માટે એક Speculum (ચીપીયો) મુકવામાં આવશે.
- ઈન્જેક્શન આપેલું ન હોવાથી તમારી આંખ બધી બાજુ ફરી શકશે પણ દર્દીએ મગજમાં એટલું યાદ રાખવાનું છે કે ઓપરેશન દરમ્યાન તેમને સીધું ઉપરથી આવતી લાઈટમાં જોઈ રહેવાનું છે. ઓપરેશન દરમ્યાન આંખ હલાવવી નહીં. આંખ હલાવવાથી ઓપરેશનમાં ડૉક્ટરને તકલીફ થઈ શકે છે.
  આ વખતે આપના સહકારની અપેક્ષા છે.
- ત્યારબાદ ઓપરેશન ચાલુ કરવામાં આવશે. આંખોમાં પાણી પડતું હોય તેવો દર્દીને અહેસાસ થશે અને થોડું આંખમાં ભારે લાગશે પણ દર્દીએ સીધા લાઈટમાં જોવાનું રહેશે.
- ઓપરેશન દરમ્યાન ફેકો મશીનનો અવાજ આવશે એ વખતે કઈ પણ ચિંતા કરવી નહીં.
  મોતિયો નીકાળી નેત્રમણિનું પ્રત્યારોપણ કરવામાં આવશે. આ વખતે ડોક્ટર સલાહ આપતા રહેશે, ઓપરેશન દરમિયાન તેનું યોગ્ય પાલન કરવું.
- ઓપરેશન પત્યા બાદ આપની આંખમાં એન્ટીબાયોટીક ડ્રોપ્સ મુકી ઓપરેશન રૂમની બહાર લાવવામાં આવશે.
- ઓપરેશન દરમ્યાન આપ જાગૃત અવસ્થામાં હશો અને દુ:ખાવો નહીંવત અનુભવાશે. રૂમની બહાર આવ્યા પછી એક ગોળી આપવામાં આવશે જેથી દુ:ખાવો ઓછો રહેશે. અને બહાર નીકળી સનગ્લાસ આપવામાં આવે તે પહેરી લેવા.

NETRAM EYE HOSPITAL

- ઓપરેશન બાદ આંખને અડવું નહીં. આંખને મસળવી નહીં. સુચના આપેલ હોય તે પ્રમાણે ટીંપા ચાલુ કરી દેવા. પહેલા દિવસથી બધું જ ખાઇ શકાય છે.
- ઓપરેશન પછી બીજા દિવસે બતાવવા આવવાનુ રહેશે. સાથે બધી દવા લઇને આવવું.
- ઓપરેશન પછી ગળાથી નીચેના ભાગે નાહવું. આંખમાં પાણી ન જાય તેની તકેદારી ૧૦-૧૫ દિવસ રાખવી. ચહેરાનો ભાગ ગરમ પાણીવાળા કપડાથી હલકા હાથે સાફ કરવો. આંખમાં પાણીની છાલક મારવી નહીં.
- ટીંપા નાંખનાર વ્યક્તિએ હાથ ધોઇને, દવાની બોટલના ઉપરના ભાગને અડ્યા વગર, બોટલ હલાવીને, આપેલ સુચના મુજબ ટીંપા નાંખવા, ૫ મિનિટ પછી બીજી બોટલમાંથી ટીંપા નાંખવા. ટીંપા નાખ્યા પછી ૨ મિનિટ આંખ બંધ રાખવી.